Wednesday
21.08.2024
*Volume :9 * Issue No.34
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રીએ ૬૦ વાજબી ભાવની દુકાનોને જન પોષણ કેન્દ્રોમાં રૂપાંતરિત કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ લોન્ચ કર્યો

FPS સહાય એપ્લીકેશન, મેરા રાશન એપ ૨.૦, ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, ક્વોલિટી મેન્યુઅલ હેન્ડબુક, કોન્ટ્રાક્ટ મેન્યુઅલ FCI અને ૩ લેબોરેટરીની NABL માન્યતા પણ લોન્ચ

જન પોષણ કેન્દ્રો વાજબી ભાવની દુકાનના ડીલરોને સારી આવક અને ગ્રાહકોને પોષણથી ભરપૂર ખાદ્યપદાર્થો પૂરા પાડશેઃ શ્રી જોશી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ તથા નવીન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રીપ્રહલાદ વેંકટેશજોશીએ વાજબી ભાવની ૬૦ દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવા પાયલોટ લોંચ કરી હતી. આ પ્રસંગે તેમણે આજ અહીં એફપીએસ સહાય એપ્લિકેશન, મેરા રાશન એપ્લિકેશન ૨.૦, ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, ક્વોલિટી મેન્યુઅલ હેન્ડબુક, કોન્ટ્રાક્ટ મેન્યુઅલ એફસીઆઈ અને ૩ લેબોરેટરીઝની એનએબીએલ એક્રેડિટેશનનો પણ શુભારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, શરૂ કરવામાં આવેલા તમામ ૬ કાર્યક્રમોથી પારદર્શિતા લાવવા, કડક ગુણવત્તા નિયંત્રણ સુનિશ્ચિત કરવાની સાથે સાથે ખાદ્ય સુરક્ષા પ્રણાલીને વધુ મજબૂત કરવામાં આવશે, કુપોષણને કાબૂમાં લેવામાં આવશે અને સિસ્ટમમાં થતા લીકેજને પણઅટકાવશે. ગુજરાત, રાજસ્થાન, તેલંગાણા અને ઉત્તરપ્રદેશમાં વાજબી ભાવની ૬૦ દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવા માટે પાયલોટ લોંચિંગપ્રસંગે શ્રીજોશીએ જણાવ્યું હતું કે, જન પોષણ કેન્દ્ર ભારતના વાજબી ભાવની દુકાન (એફપીએસ) નાંડીલરોની આવકનું સ્તર વધારવાની માગનું સમાધાન પ્રદાન કરે છે. આ કેન્દ્રો ઉપભોક્તાઓને પોષણથી સમૃદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓની વિવિધ શ્રેણી પ્રદાન કરશે તેમજ એફપીએસ ડીલર્સને આવકનો વધારાનો સ્રોત પ્રદાન કરશે. કેન્દ્ર સરકારના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યક્રમના ભાગરૂપે હાથ ધરવામાં આવેલા જન પોષણ કેન્દ્રમાંપોષણની શ્રેણી હેઠળ ૫૦ ટકાઉત્પાદનોનો સંગ્રહ કરવાની જોગવાઈ હશે, જ્યારે બાકીની ચીજવસ્તુઓ અન્ય ઘરગથ્થુ ચીજવસ્તુઓ રાખવા માટે હશે. કેન્દ્રીય મંત્રીએ વાજબી ભાવની દુકાનના ડીલરો સાથે પણ વાતચીત કરી હતી. શ્રી જોશીએ જણાવ્યું કે, માનનીય પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ દેશ ગતિશીલ રીતે વિકસિત ભારત ૨૦૪૭નાં લક્ષ્યાંક તરફ આગેકૂચ કરી રહ્યો છે. ભારત સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગની આ પહેલો આ પ્રકારના પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્નયોજના (પીએમજીકેએવાય)ને વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી છે, જેમાં દેશમાં ખાદ્ય સુરક્ષાનો વ્યાપ વધારવા માટે આશરે રૂ. ૧૨ લાખ કરોડનો અંદાજિત નાણાકીય ખર્ચ થશે.

વન નેશન વન રેશનકાર્ડ પહેલાથી જ દેશભરમાં સીમલેસ વ્યવહારોની સુવિધા આપી રહ્યું છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, વિભાગ દ્વારા ડિજિટલાઇઝેશનમાં સક્રિય પ્રયાસોને પરિણામે લાભાર્થીઓને વપરાશકર્તા-કેન્દ્રિત સેવાઓમાં સુધારો થયો છે. મેરા રાશન એપ ૨.૦, ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, ક્વોલિટી મેન્યુઅલ, કોન્ટ્રાક્ટ મેન્યુઅલ, એફપીએસ સહાય એપ્લિકેશન અને એનએબીએલ એક્રેડિટેશન ઓફ લેબોરેટરીઝના લોન્ચથી ડિજિટલાઇઝેશનના પ્રયાસોને વેગ મળશે. શ્રી જોશીએ વધુમાં જણાવ્યું હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થામાં વધુનવીનતા અને એકંદરે સુધારણા લાવવા માટે તમામ હિતધારકોનાં સૂચનો માટે આ વિભાગ તૈયાર છે. "એફપીએસ-સહાય" સિડબી દ્વારા વિકસાવવામાં આવેલી એક ઓન-ડિમાન્ડ ઇન્વૉઇસ બેઝ્ડ ફાઇનાન્સિંગ (આઇબીએફ) એપ્લિકેશન છે, જેને એફપીએસ ડીલર્સને સંપૂર્ણપણે પેપરલેસ, પ્રેઝન્સ-લેસ, કોલેટરલ-ફ્રી, કેશ ફ્લો-આધારિત ફાઇનાન્સિંગ ઓફર કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. મેરા રાશન એપ્લિકેશન ૨.૦ મોબાઇલ એપ્લિકેશનદેશભરના લાભાર્થીઓ માટે વધુ મૂલ્ય વર્ધિત સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવી છે. વિભાગના અધિકારીઓ(કેન્દ્ર અને રાજ્ય બંને) ને તેમના તરફથી રેશનકાર્ડ અને પીડીએસ સાથે સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ મળશે. ડીએફપીડી અને એફસીઆઈમાં ક્વોલિટી કન્ટ્રોલ લેબના સંકલન માટે ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ ડિજિટલ એપ્લિકેશન છે. ડિજિટલ ક્યૂએમએસ ગુણવત્તા નિયંત્રણ લેબ્સ માટે એક મહત્વપૂર્ણ સાધન છે, જે પ્રાપ્તિ, સંગ્રહ અને વિતરણના તબક્કા દરમિયાન વાસ્તવિક સમય પર તમામ ચાવીરૂપ વ્યવહારોને કેપ્ચર કરવા માટે સક્ષમ છે. ડીએફપીડીએ ગુણવત્તા નિયંત્રણની એક વ્યાપક હેન્ડબુક તૈયાર કરી છે, જે કેન્દ્રીય પૂલ અનાજની ગુણવત્તાના કડક માપદંડોને સુનિશ્ચિત કરવા માટે અપનાવવામાં આવનારી વિવિધ પ્રક્રિયાઓ, માપદંડો, રોડમેપ અને નીતિઓનું ચોક્કસ વર્ણન કરે છે. કોન્ટ્રાક્ટ મેન્યુઅલ ઓફ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)નું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. એફસીઆઈના કોન્ટ્રાક્ટ મેન્યુઅલને તમામ અસ્પષ્ટતાઓ દૂર કરવા, સ્પર્ધાત્મકતા સુનિશ્ચિત કરવા અને કરારોમાં સંપૂર્ણ પારદર્શકતા લાવવા માટેના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે કલ્પના કરવામાં આવી છે. આધાર એફસીઆઈ ટેન્ડરમાં મહત્તમ ભાગીદારી કરવાનો છે. આંતરરાષ્ટ્રીય ધારાધોરણોનું પાલન કરવા, પરીક્ષણ અને કેલિબ્રેશન સેવાઓમાં ગુણવત્તા અને વિશ્વસનિયતાને સુનિશ્ચિત કરવા તેમજ ગ્રાહકોનો વિશ્વાસ અને સંતોષ વધારવા માટે એનએબીએલ લેબ્સની માન્યતા વિભાગની પ્રયોગશાળાઓ માટે મહત્ત્વપૂર્ણ છે.

દસ હજાર જેટલા પર્યાવરણ પ્રેમીઓએ મળી ૧૨ હજાર થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું

'એક પેડ માં કે નામ' ઇડરના રાજ ચંદ્રવિહાર ખાતે કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા અને રાજ્યકક્ષા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'મહાવાવેતર' અભિયાન યોજાયું

વડાપ્રધાનશ્રીના "એક પેડ માં કે નામ" સંકલ્પને ચરિતાર્થ કરવાના ઉદ્દેશ્યથી "મહા વાવેતર" અરવલ્લીની ગીરીમાળાઓના મુગટરૂપ ઇડર વિસ્તારમાં અને તેમાં પણ શ્રીમદ રાજચંદ્ર જેવા આધ્યાત્મિક ઉંચાઈ હાંસલ કરેલ ગુરૂની જાગતી ધરતી પર કરવામાં આવ્યું છે તે સરાહનીય પ્રયાસ છે. -કેબિનેટ મંત્રીશ્રી, વન અને પર્યાવરણ શ્રી મુળુભાઈ બેરા

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લામાંઇડરના શ્રીમદ રાજચંદ્ર વિહાર નજીકના જંગલ વિસ્તારમાં કેબિનેટ મંત્રીશ્રી, વન અને પર્યાવરણ શ્રી મુળુભાઈ બેરા અને રાજ્યકક્ષા મંત્રીશ્રી, વન અને પર્યાવરણશ્રી મુકેશભાઈ પટેલ તેમજ જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં 'મહાવાવેતર' અભિયાન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી, વન અને પર્યાવરણ શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીના "એક પેડ માં કે નામ" સંકલ્પને ચરિતાર્થ કરવાના ઉદ્દેશ્યથી "મહાવાવેતર" અરવલ્લીની ગીરીમાળાઓના મુગટરૂપ ઈડર વિસ્તારમાં અને તેમાં પણ શ્રીમદ રાજચંદ્ર જેવા આધ્યાત્મિક ઉંચાઈ હાંસલ કરેલ ગુરૂની જાગતી ધરતી પર કરવામાં આવ્યું છે. વડા પ્રધાનશ્રીના "એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ સમગ્ર દેશમાં ૧૪૦ કરોડથી વધુ વૃક્ષો વાવવાનો ધ્યેય રાખવામાં આવ્યો છે. સાબરકાંઠા વન વિભાગ અને સાબરકાંઠા સામાજિક વનીકરણ વિભાગ ધ્વારા જિલ્લામાં વન વિસ્તાર બહાર ૧,૯૫૯ હેક્ટર વિસ્તારમાં ૧૩.૯૮ લાખ રોપાઓનું વાવેતર થતા જીલ્લાના વન વિસ્તારમાં ૩,૦૫૭ હેક્ટર વિસ્તારમાં ૨૨.૬૭ લાખ રોપાઓ એમ મળી કુલ ૫,૦૧૬ હેક્ટર વિસ્તારમાં ૩૬.૬૫ લાખ રોપાઓનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેબિનેટ મંત્રીશ્રીએ "એક પેડ માં કે નામ" અભિયાન હેઠળ માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું હતું. મહાવાવેતર અભિયાન કાર્યક્રમમાં રાજ્યકક્ષા મંત્રીશ્રી, વન અને પર્યાવરણ શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગાંધીજીનાં આધ્યાત્મિક ગુરુ એવા શ્રીમદ્ રાજચંદ્રજીની પાવન રજથી વિભૂષિત એવી ઈડરની તપોભૂમિ ખાતે વડાપ્રધાનશ્રીનાં "એક પેડ મા કે નામ" અભિયાનને સાર્થક કરતાં "ગ્રીન અરવલ્લી" ગીરીમાળા વૃક્ષારોપણ કાર્યક્રમએ સરાહનીય પ્રયાસ છે. દુનિયાનો સૌથી અમૂલ્ય સંબંધ મા સાથેનો છે. જન્મદાત્રી માતાનો આ પ્રેમ આપણાં બધા પર એક ઋણની જેમ હોય છે, જેને કોઈ ચુકવી ન શકે. સૌ પોતાની માતાનું આ ઋણ ચુકવી શકે તે શુભ હેતુથી એક પેડ મા કે નામ"અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન એક જન આંદોલન બની ગયું છે. આ વર્ષે ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાનાં વન મહોત્સવ પૂર્ણ થયા છે. વન મહોત્સવ દરમ્યાન ૧૦.૫૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ છે. તેમજ ૭૫માં વન મહોત્સવ હેઠળ રાજયમાં લોકભાગીદારીથી ૫૦૦૦ "માતૃવન"નું નિર્માણ કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતને હરિયાળુ બનાવવાનાં સંકલ્પમાં ગામે ગામ લોકો જોડાઈ રહ્યા છે.

ઈડરના શ્રીમદ રાજચંદ્ર વિહાર ખાતે અંદાજે દસ હજારથી વધુ જનમેદની ધ્વારા સામુહિક રોપ વાવેતર અને હયાત રોપાઓને રક્ષાપોટલી બાંધી તેના લાંબા આયુષ્યની સામુહિક કામના કરવામાં આવી હતી. "મહાવાવેતર" અભિયાનમાં ડ્રોન ધ્વારા મોટી સંખ્યામાં સીડ બોલ જંગલ વિસ્તારમાં છંટકાવ કરવામાં આવ્યો હતો. ઈડર તેમજ આસપાસના તાલુકાના સરપંચશ્રીઓ, દુધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, વન મંડળીઓ, સ્વ. સહાય જુથો, પર્યાવરણ પ્રેમીઓ, બિન સરકારી સંગઠનો, પદાધિકારીશ્રીઓ, યુવક મંડળો, સાધુ-સંતો, એસ.આર.પીના જવાનો, કોલેજના વિદ્યાર્થીઓ વગેરે અંદાજીત ૧૦,૦૦૦ જેટલીસંખ્યામાં ઉપસ્થિતરહી વડાપ્રધાનશ્રીના મિશન એવા 'એક પેડ માં કે નામ' અંતર્ગત 'મહાવાવેતર"અભિયાનમાં જોડાઈ ૧૮ હેક્ટરના અનામત જંગલ વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું.

આ અભિયાનમાં સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, રાજ્ય સભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, જિલ્લા કલેક્ટરશ્રી રતન કંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, નાયબ વન સંરક્ષકશ્રી હર્ષ ઠક્કર, નાયબ વન સંરક્ષકશ્રી એસ. કે પટેલ, પ્રાંતઅધિકારીશ્રી, અગ્રણીશ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના ૮૨ લાભાર્થીઓને રૂ. ૧૭ કરોડથી વધુની સહાય વિતરણ કરાઈ

કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિ

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવવાથી કૃષિ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન તેમજ કૃષિ ક્ષેત્રે મૂલ્યવર્ધનની તકોમાં વધારો થયોઃ કૃષિ મંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિમાં સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) હેઠળ નોંધાયેલા કૃષિ ઉદ્યોગ સાહસિકોને સહાય વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો. આ સમારોહ દરમિયાન સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિના વધુ ૮૨ જેટલા લાભાર્થીઓને રૂ. ૧૭ કરોડથી વધુની સહાયનુ સીધા તેમના બેંક ખાતામાં વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સહાય હુકમ પણ એનાયત કરવામાં આવ્યા હતા. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની મહત્વકાંક્ષી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવવાથી કૃષિ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અને નાણાકીય સહાય મળી તેમજ કૃષિ ક્ષેત્રે મૂલ્ય વર્ધનની તકો અનેકગણો વધારો થયો છે. રાજ્યના ખેડૂતોની ખેતપેદાશોનું યોગ્ય મૂલ્ય વર્ધન અને માર્કેટિંગ થાય, તો ખેડૂતોને નિશ્ચિતપણે આવક વધારો મળે અને તેની સાથે જોડાયેલા કૃષિ ઉદ્યોગોને પણ તેનો મહત્તમ લાભ મળી શકે છે. ઉત્પાદનની ગુણવત્તા વધતા નિકાસની તકોમાં પણ વધારો થઇ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના સ્વપ્નને પરિપૂર્ણ કરવામાં આ નીતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. મંત્રીશ્રીએ કૃષિ ઉદ્યોગ સાહસિકોનો ઉત્સાહવર્ધન કરતા કહ્યું હતું કે, સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવતા રાજ્યના કૃષિ ઉદ્યોગોમાં મૂડી રોકાણોને વેગ મળ્યો છે. સાથે જ ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે.

કૃષિ પેદાશોના ઉચ્ચ માપદંડો જાળવીને તેમની નિકાસમાં વધારો કરવામાં તેમજ કૃષિ પેદાશોના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવામાં પણ આ નીતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ નીતિના માધ્યમથી રાજ્યના અનેક કૃષિ ઉદ્યોગો અને ઉદ્યોગો થકી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની વધુ તકો ઉભી થઈ રહી છે. કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત સરકારે કૃષિ ક્ષેત્રના ઝડપી અને ટકાઉ વિકાસ થકી નાગરિકોને ખાદ્ય સુરક્ષા, પોષણ સુરક્ષા ઉપરાંત આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કરવા માટે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં મૂકી હતી. આ નીતિ હેઠળ કૃષિ ઉદ્યોગોને મૂડી રોકાણ, વ્યાજ સહાય જેવા જુદા-જુદા ઘટકો માટે સહાય આપવામાં આવે છે. જે પૈકી મૂડી સહાય માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા અને બેંકની મુદતી લોન પર ૭.૫ ટકા વ્યાજ સહાયની અરજીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગકારોની લાગણીને વાચા આપીને ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ. ૨૦૦ કરોડની બજેટ જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિના કેટલાક લાભાર્થીઓએ યોજના અંતર્ગત મળેલી સહાયથી તેમને થયેલા લાભ અંગે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે આ કાર્યક્રમ દરમિયાન કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી ડી. એચ. શાહ, ગોપકા સંસ્થાના નિયામકશ્રી સહિત વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ અને રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી પધારેલા કૃષિ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

રાજ્યના ખેડૂતોને પાકમાં થતા રોગ પ્રત્યે જાગૃત કરવા ઉપરાંત તેના વ્યવસ્થાપન માટે સમયાંતરે રાજ્ય સરકાર હેઠળની ખેતી નિયામકની કચેરી દ્વારા મહત્વપૂર્ણ પગલાઓ દર્શાવતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે. જેથી ખેડૂતો તેમના પાકનું રક્ષણ કરીને બજારમાં સારા ભાવ મેળવી શકે. રાજ્યભરમાં ખેડૂતોએ મગફળીનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર કર્યું છે. ચોમાસા દરમિયાન મગફળીમાં સફેદ ઘૈણ (મુંડા) કીટકનો ઉપદ્રવ જોવા મળતો હોય છે. આ કીટકના અસરકારક નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે તાજેતરમાં જ ખેતી નિયામકની કચેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ પગલાઓ સૂચવતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકામાં જણાવાયું છે કે, મગફળીમાં ઘૈણના ઢાલિયા પ્રકારના કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમ્યાન પ્રકાશ પિંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા કીટકોને ભેગા કરીને તેનો નાશ કરવો જોઈએ. જ્યારે, મગફળીના ઊભા પાકમાં મુંડાના અસરકારક નિયંત્રણ માટે છોડ ઉગવાના ૩૦ દિવસ બાદ બ્યુવેરીયા બાસીયાના અથવા ૫ કિ.ગ્રા. મેટારીઝીયમ એનીસોપ્લી ડ્રેન્ચિંગ દવા પ્રતિ હેકટર પ્રમાણે જમીનમાં આપવાથી ઉપદ્રવ ઘટે છે.

‘નેશનલ સ્પેસ ડે’ના ઉપલક્ષ્યમાં જળ સંપત્તિ સચિવ શ્રી કે. બી. રાબડીયા ની ઉપસ્થિતિમાં એક દિવસીય ‘વર્કશોપ’ યોજાયો

વર્કશોપમાં ISRO- SAC:અમદાવાદ વૈજ્ઞાનિકોએ ’ચંદ્રયાન-૩ મિશન’ની સફળતા તેમજ વિવિધ જળ સ્રોતમાં સેટેલાઈટની ભૂમિકા અંગે અનુભવો શેર કર્યા

કમલમ્ ન્યુઝ,

ભારતમાં ગત વર્ષે ’ચંદ્રયાન-૩’મિશનનીસફળતાના પરિણામે વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે તા. ૨૩ ઓગસ્ટને ’નેશનલસ્પેસ ડે’તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી- NFSU ગાંધીનગર, ખાતે ’નેશનલ સ્પેસ ડે’ના ઉપલક્ષ્યમાં જળ સંપત્તિ સચિવ શ્રી કે. બી. રાબડીયાની ઉપસ્થિતિમાં એક દિવસીય ’વર્કશોપ’ યોજાયો હતો. આ વર્કશોપમા ISRO તેમજ SAC, અમદાવાદના વૈજ્ઞાનિકોએ ’ચંદ્રયાન-૩ મિશન’ની સફળતા અંગે પોતાના અનુભવો તેમજ વિવિધ જળ સ્રોતમાં સેટેલાઈટની ભૂમિકા અંગે પ્રેઝન્ટેશન-વિડીયો રજૂ કર્યા હતા. જળસંપત્તિ સચિવ શ્રી કે. બી. રાબડીયાએ ’નેશનલ સ્પેસ ડે’ની શુભેચ્છાઓ આપતાં જણાવ્યું હતું કે, પાણીના વિવિધ સ્રોતની માહિતી માટે સ્પેસ ટેકનોલોજી ખૂબ જ જરૂરી છે. અત્યારે સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ પાણી, હવામાન, કૃષિ સહિત તમામ ક્ષેત્રે કરવામાં આવી રહ્યો છે. સેટેલાઈટ દ્વારા દેશમાં ભૂગર્ભ જળ ક્યા-ક્યા વિસ્તાર ઉપલબ્ધ છે તેમજ તેનો પ્રવાહ ક્યા વિસ્તારમાંથી ક્યા વિસ્તારમાં વહન કરે છે તેની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ થાય છે. સેટેલાઈટની હાઈ રિઝ્યોલ્યુશન ઈમેજના માધ્યમથી રાજ્યના ક્યા વિસ્તારમાં વધારે વરસાદ થશે, ક્યા વિસ્તારમાં સારો પાક લહેરાઈ રહ્યો છે અને ક્યાં દુષ્કાળની સ્થિતિ છે તેની ચોક્કસ માહિતી મેળવી શકાય છે. દેશમાં ચોમાસા દરમિયાન નદીઓમાં પૂરની સ્થિતિ, વાવાઝોડું, લીલો દુકાળ જેવી કુદરતી આપત્તિ સમયે સચોટ આગાહી કરીને જાન-માલનું નુકશાન થતું અટકાવી શકાય છે. કૃષિ સિવાય પાણીનો ઉપયોગ ક્યા-ક્યા ક્ષેત્રમાં થઈ રહ્યો છે, તેની માહિતી સેટેલાઈટ દ્વારા મેળવીને તેની પર યોગ્ય સંશોધન કરી શકાય છે તેમ, સચિવ શ્રી રાબડીયાએ ઉમેર્યું હતું. સ્પેસ એપ્લિકેશન સેન્ટર-SAC અમદાવાદના ડાયરેકટર શ્રી નિલેષ દેસાઈએ ’ચંદ્રયાન-૩ના અનુભવો શેર કરતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઈસરોના વૈજ્ઞાનિકોએ સ્વદેશી ’ચંદ્રયાન-૩નું સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતરાણ કરાવીને ‘સ્પેસ ઈઝ નો લિમિટ’ તેમજ ‘આત્મનિર્ભર ભારત’ના મંત્રને સાર્થક કર્યો છે. ઈસરો દ્વારા ૭૫ થી ૮૦ ટકા કામગીરી ભારતના સામાન્ય નાગરિકો અને સમાજની સુખાકારી માટે કરવામાં આવે છે. અવકાશ વિજ્ઞાનના પિતા ડૉ. વિક્રમ સારાભાઈના જન્મ સ્થળ અમદાવાદમાં કાર્યરત સ્પેસ એપ્લિકેશન સેન્ટરે ચંદ્રયાન-૩ને ચંદ્રની ભૂમિ પર લેન્ડ કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ઈસરોના ચંદ્રયાન, મંગળયાન તેમજ ભાવી ગગનયાનમાં ઉપયોગમાં આવનાર હાઈટેક કેમેરા, સેન્સર, રડાર અને મેપ તૈયાર કરવામાં આ સેન્ટર મહત્તમ યોગદાન આપી રહ્યું છે. તેમણે GPS આધારિત સ્વદેશી ‘નાવિક સેટેલાઈટ’ની કામગીરીની પણ વિગતો આપી હતી. શ્રી દેસાઈએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને FAILનો અર્થ સમજાવતા કહ્યું હતું કે, FAIL એટલે ‘ફર્સ્ટ એટેમ્પ ઈન લર્નિંગ’. કોઈપણ ક્ષેત્રમાં પ્રથમ પ્રયત્ને નિષ્ફળ જઈ તો હતાશ થવાને બદલે તેમાંથી વધુ શીખીને સફળતાના શિખરો સર કરવા જોઈએ. SAC અમદાવાદમાં ‘અવકાશ વિજ્ઞાન’ સંબંધિત કાયમી પ્રદર્શનની મુલાકાત લેવા શ્રી દેસાઈએ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. સચિવ શ્રી રાબડીયા સહિત મહાનુભાવોના હસ્તે SAC દ્વારા તૈયાર કરાયેલ ‘હાઈ રિઝ્યોલ્યુશન ઈન્ડિયન વેટલેન્ડ એટલાસ’નું વિમોચન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રાલય અને જળ સંપત્તિ વિભાગના ઉપક્રમે આયોજિત એક દિવસીય વર્કશોપમાં CGWB ના પ્રાદેશિક નિયામક શ્રી રતિકાંત નાયક, ISRO અને SAC ના વૈજ્ઞાનિકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિવિધ ચર્ચા સત્રોમાં સહભાગી થયા હતા.

માંડલ ખાતે ડિજિટલ ક્રોપ સર્વે અંતર્ગત સર્વેયરની તાલીમ યોજાઈ

તાલુકાના ૪૦ જેટલા સર્વેયરને આઈ.ટી.આઈ, માંડલ ખાતે આપવામાં આવી તાલીમ

કમલમ્ ન્યુઝ,

રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ડિજિટલાઈઝેશન ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. રાજ્યના ખેડૂતોના પાક વાવેતરના રિયલ ટાઈમ ડેટા મેળવવા માટે એગ્રીસ્ટેક એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. રાજ્યમાં ખેડૂતો માટે ટેકાના ભાવ સહિત કૃષિ ક્ષેત્રની નવી યોજનામાં ઘડવામાં સરળતા મળી રહે તે માટે તેમજ નુકસાની સમયે ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે હેતુસર કૃષિ ક્ષેત્રમાં ડિજિટલાઈઝેશન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ચાલુ વર્ષે રાજ્ય સરકારના ડિજિટલ ક્રોપ સર્વે અંતર્ગત માંડલ તાલુકામાં ક્રોપ સર્વેની કામગીરી સંદર્ભે તાલુકાના અંદાજે ૪૦ જેટલા સર્વેયરને કૃષિ ખાતા દ્વારા આઈ.ટી.આઈ, માંડલ ખાતે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ અંતર્ગત સર્વેયરોને આગામી સિઝનમાં ડિજિટલ ક્રોપ સર્વે અંતર્ગત કરવાની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સર્વેયરોને Agristack એપ્લિકેશનમાં પોતાના એકાઉન્ટ ક્રિએટ કરવા તેમજ જે તે સર્વે નંબર પર જઈ કેવી રીતે સર્વે કરવો તથા કઈ બાબતો ધ્યાનમાં રાખવી તે વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

રાજ્યભરમાંથી આવેલી બહેનો માતાઓ દ્વારા રાખડી બંધાવી સુરક્ષા કવચ પૂરું પાડતા રાજ્યના સીએમ

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

ભાઈ બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિ ના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજ્યભરમાંથી આવેલી બહેનો માતાઓ એ રાખડી બાંધી રક્ષા કવચ પૂરું પાડ્યું હતું. પ્રદેશ ભાજપ મહિલા મોરચા ના સુશ્રી દીપિકા બહેનના નેતૃત્વ અને સહયોગથી વિવિધ જિલ્લાઓની માતૃ શકિત ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી હોલમાં વિશાળ સંખ્યામાં મુખ્યમંત્રીને રક્ષાબંધન કરવા માટે ઉમટી હતી અને મુખ્યમંત્રીના કાંડે રાખડી બાંધી હતી. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રિટા બહેન પટેલ, મેયર શ્રીમતી મીરાં બહેન તેમજ સમાજ ના વિવિધ વર્ગોની બહેનોએ શ્રી ભુપેન્દ્ર પટેલને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીને નાની દીકરીઓ અને દિવ્યાંગ બહેનોએ પણ રાખડી બાંધી આદર ભાવ વ્યકત કર્યો હતો. આ અવસરે અમદાવાદની સાધના વિનય મંદિર શાળા ના બાળકોએ શ્રીમદ્ ભગવદ્ગીતા ના શ્લોક લખેલી ૧૪૦ ફૂટ ની વિશાળ રાખડી મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરી હતી.

કમલમ્ ન્યુઝ,

એચ.જી. પિક્ચર્સ અને અતુલ બંસલ દ્વારા "તુ ગીતા હુ કુરાન" નામના ફિલ્મ ના શુભ મુહૂર્ત પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહી એચ.જી. પિક્ચર્સ અને અતુલ બંસલની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી. આ અવસરે ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા કન્વીનર શ્રી યજ્ઞેશભાઈ દવે સહિત ફિલ્મ જગતના અગ્રણી ઉપસ્થિત રહ્યા.

કમલમ્ ન્યુઝ,

ગુજરાત પ્રદેશ ભાજપાના મીડીયા કન્વીનર શ્રી યજ્ઞેશભાઈ દવેએ આણંદ લોકસભાના સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ ના "સાંસદ જનસંપર્ક" કાર્યાલયની શુભેચ્છા મુલાકાત કરી. આ દરમિયાન જનકલ્યાણને લગતા વિવિધ વિષયો અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરી.

કાપડ મંત્રાલય દ્વારા નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને રૉ મટીરીયલ સપ્લાય સ્કીમનો અમલ

વણકરોની મુદ્રા લોન/કન્સેશનલ ક્રેડિટ સ્કીમ, વ્યક્તિગત વણકર અને હેન્ડલૂમ સંસ્થાઓ માટે માર્જિન મની સહાય પૂરી પાડવામાં આવી રહી છે

હેન્ડલૂમ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ભારતીય હેન્ડલૂમ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય મેળાઓમાં ભાગ લે છે અને તેનું આયોજન કરે છે

‘ઇન્ડિયા હેન્ડલૂમ’ બ્રાન્ડ શૂન્ય ખામી અને પર્યાવરણ પર શૂન્ય અસર સાથે ઉચ્ચ ગુણવત્તાવાળી વિશિષ્ટ હેન્ડલૂમ પ્રોડક્ટ્સના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે

કમલમ્ ન્યુઝ,

સરકારે દેશમાં હાથવણાટના ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લીધાં છે. હાથવણાટનાં ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને હાથવણાટનાં કામદારોનાં કલ્યાણ માટે એન્ડ ટુ એન્ડ સપોર્ટ પ્રદાન કરવા માટે, ટેક્સટાઈલ મંત્રાલય સમગ્ર દેશમાં નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને રૉમટિરિયલ સપ્લાય સ્કીમ અમલમાં મૂકી રહ્યું છે. નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ લાયકાત ધરાવતી હેન્ડલૂમ સંસ્થાઓ/કામદારોને અપગ્રેડેડ લૂમ્સ અને એસેસરીઝ, સોલર લાઈટિંગ યુનિટ્સ, વર્કશેડનું નિર્માણ, પ્રોડક્ટ અને ડિઝાઈન ડેવલપમેન્ટ, ટેકનિકલ અને કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્થાનિક/વિદેશી બજારોમાં હેન્ડલૂમનાં ઉત્પાદનોનું માર્કેટિંગ વગેરે માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. વીવર્સ મુદ્રા લોન/કન્સેશનલ ઋણ યોજના અંતર્ગત વ્યક્તિગત વણકર અને હાથવણાટ સંસ્થાઓ માટે માર્જિન મની સહાય; ત્રણ વર્ષના સમયગાળા માટે લોન પર વ્યાજમાં છૂટ અને ક્રેડિટ ગેરંટી ફી આપવામાં આવે છે. જીવન અને આકસ્મિક વીમા કવચ, તેમના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ વગેરે મારફતે હાથવણાટના કામદારોના કલ્યાણ માટેની જોગવાઈ કરવામાં આવી છે. માર્ગદર્શિકામાં ગરીબ સંજોગોમાં ૬૦ વર્ષથી વધુ વયના એવોર્ડી વણકર માટે નાણાકીય સહાયની પણ જોગવાઈ છે. કાચા માલના પુરવઠા યોજના હેઠળ મંત્રાલય લાભાર્થીના ઘર આંગણે યાર્નના પરિવહન માટે પરિવહન સબસિડી અને કોટન હેંક યાર્ન, ડોમેસ્ટિક સિલ્ક, વૂલન અને લિનન યાર્ન તથા કુદરતી રેસાના મિશ્રિત યાર્ન પર ૧૫ ટકા ભાવ સબસિડી આપે છે. હાથવણાટનાં ઉત્પાદનોને નિકાસ પ્રોત્સાહન આપવા માટે હેન્ડલૂમ નિકાસ સંવર્ધન પરિષદ વૈશ્વિક સ્તરે ભારતીય હાથવણાટનાં ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ મેળાઓ/કાર્યક્રમોનું આયોજન કરે છે/સહભાગી થાય છે. ૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ નેશનલ હેન્ડલૂમ ડે તરીકે ઉજવણી દરમિયાન ’ઈન્ડિયા હેન્ડલૂમ’ બ્રાન્ડની શરૂઆત ઉચ્ચ ગુણવત્તાયુક્ત હેન્ડલૂમ ઉત્પાદનોના બ્રાન્ડિંગ માટે કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ શૂન્ય ખામીયુક્ત અને પર્યાવરણ પર શૂન્ય અસર સાથે ઉચ્ચ ગુણવત્તાયુકત હેન્ડલૂમ પ્રોડક્ટ્સનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો હતો "ઈન્ડિયા હેન્ડલૂમ" બ્રાન્ડ શરૂ થયા પછી ૧૮૪ પ્રોડક્ટ કેટેગરી હેઠળ ૧,૯૯૮ રજિસ્ટ્રેશન ઈશ્યૂ કરવામાં આવ્યા છે. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન હાથવણાટના કામદારોને પડતી સમસ્યાઓનું સમાધાન કરવા માટે સરકારે દેશભરમાં નીચે મુજબનાં પગલાં લીધાં હતાં. ભારત સરકારે દેશના અર્થતંત્રને વેગ આપવા અને ભારતને આત્મનિર્ભર બનાવવા માટે વિશેષ આર્થિક પેકેજ એટલે કે આત્મ નિર્ભર ભારત અભિયાનની જાહેરાત કરી હતી. વિવિધ ક્ષેત્રોને તેમના વ્યવસાયોને પુનર્જીવિત કરવા માટે રાહત અને ક્રેડિટ સપોર્ટ પગલાંની જાહેરાત કરવામાં આવી હતી અને તે પાત્ર વણકર અને હેન્ડલૂમ સંસ્થાઓ માટે પણ ઉપલબ્ધ હતા. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિનંતી કરવામાં આવી હતી કે તેઓ તેમના સ્ટેટ હેન્ડલૂમ કોર્પોરેશનો/સહકારી સંસ્થાઓ/એજન્સીઓને હાથવણાટના વણકરો પાસે ઉપલબ્ધ પૂર્ણ ઈન્વેન્ટરી ખરીદવા નિર્દેશ આપે. ઉત્પાદકતા વધારવા, માર્કેટિંગ ક્ષમતાઓ વધારવા અને વધુ સારી આવકને સુલભ કરવા દેશમાં ૧૫૧ હેન્ડલૂમ ઉત્પાદક કંપનીઓ (પીસી)ની રચના કરવામાં આવી છે. હેન્ડલૂમ વણકરોને સરકારીઈ-માર્કેટ પ્લેસ પર ઓનબોર્ડ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ તેમના ઉત્પાદનોને વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓને સીધા જ વેચી શકે. જનરલ ફાઈનાન્સિયલ રૂલ (જીએફઆર) ૨૦૧૭ના નિયમ ૧૫૩માં એક સુધારો રજૂ કરવામાં આવ્યો હતો, જે અનુસાર, "કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા જરૂરી ટેક્સટાઈલ્સની તમામ ચીજ વસ્તુઓમાંથી, કેવીઆઈસી અને/અથવા હેન્ડલૂમ ક્લસ્ટર્સ જેમ કે કો-ઓપરેટિવ સોસાયટીઝ, સેલ્ફ હેલ્પ ગ્રુપ (એસએચજી) ફેડરેશનો પાસેથી, હેન્ડલૂમ મૂળની ચીજવસ્તુઓમાંથી ઓછામાં ઓછી ૨૦ ટકા ચીજવસ્તુઓની ખરીદી કરવી ફરજિયાત રહેશે. જોઈન્ટ લાયબિલિટી ગ્રૂપ (જેએલજી), પ્રોડ્યુસર કંપનીઓ (પીસી), કોર્પોરેશનો વગેરેમાં પેહચન કાર્ડ ધરાવતા વીવર્સનો સમાવેશ થાય છે. હેન્ડલૂમ ઉત્પાદકોને બીરબી ખરીદનારાઓ/હેન્ડલૂમ કામદારો માટે નિકાસ માટે હેન્ડલૂમ ઉત્પાદનો પ્રદર્શિત કરવા માટે વર્ચ્યુઅલ મેળાઓનું આયોજન કરીને સુવિધા આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦ વર્ચ્યુઅલ મેળા અને ૨૦૨૧-૨૨માં ૧૦ વર્ચ્યુઅલ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૨૧-૨૨માં દેશના વિવિધ ભાગોમાં વણકરો માટે તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ અને વેચાણ કરી શકે તે માટે ૨૧૧ ડોમેસ્ટિક માર્કેટિંગ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

દવા વિતરણ પ્રક્રિયાથી ફંગલ સંક્રમણની સારવારમાં સુધારો થઈ શકે છે

કમલમ્ ન્યુઝ,

દવાની ડિલિવરી માટે વિકસિત એક અનન્ય પદ્ધતિ અસ્થમા, સિસ્ટિક ફાઈબ્રોસિસ અથવા અગાઉના ફેફસાના રોગ, હ્યુમન ઈમ્યુનોડેફિસિયન્સી વાયરસ (એચઆઈવી), કેન્સર અથવા કોર્ટીકોસ્ટેરોઈડ દવાઓના સંપર્કમાં રહેતા દર્દીઓ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. દવાઓના નિયંત્રિત અને અસરકારક રિલીઝ માટે નેનોપાર્ટિકલ્સ આશાસ્પદ છે. પોલિમેરિક નેનોપાર્ટિકલ્સનો ઉપયોગ એ ડ્રગ ડિલિવરીની સૌથી અદ્યતન પદ્ધતિ છે. હાલમાં ઉપયોગમાં લેવાતી એઝોલ દવાઓ ફૂગના પટલ પર હુમલો કરે છે અને ફૂગને અસર વિનાનું કરે છે. જો કે, હાલની ફૂગપ્રતિરોધી દવાઓનો પ્રતિકાર ચિંતાનો વિષય છે અને તેથી દવા વિતરણની વધુ સારી પદ્ધતિઓની જરૂર છે, જેથી ચેપની સારવાર માટેની દવાઓ અસરકારક બની શકે. વિજ્ઞાન વિભાગની સ્વાયત્ત સંસ્થા અગરકર સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકોની એક ટીમે બે ક્રિયા સ્ટ્રોપ્ટોમાઈસેસ એસપીપી દ્વારા ઉત્પાદિત એક ચિટિન સંશ્લેષણ ફૂગનાશક, નિક્કોમાઈસિનનો ઉપયોગ નિક્કોમાઈસિન લોડેડ પોલિમરીક નેનોપાર્ટિકલ્સ વિકસાવવા માટે કરાયો છે. ચિટિન એ ફૂગના કોષની દિવાલોનું મુખ્ય ઘટક છે અને માનવ શરીરમાં તે ગેરહાજર છે. ડ્રગ લોડ કરેલા નેનોપાર્ટિકલ્સ એસ્પરગિલસ એસપીપીની વૃદ્ધિને અવરોધે છે અને એસ્પરગિલસ ફ્લેવસ અને એસ્પરગિલસ ફ્યુમિગેટસ ફૂગ દ્વારા થતા એસ્પરગિલોસિસ તરીકે ઓળખાતા ફૂગના ચેપ સામે અસરકારક જણાયા હતા. વિકસિત નેનોફોર્મ્યુલેશન સાયટોટોક્સિક અને હેમોલિટીક અસરોથી મુક્ત હોવાનું જણાયું હતું. છૌંટીમ પલ્મોનરી એસ્પરગિલોસિસ સામે ઇન્હેલેશન નેનોફોર્મ્યુલેશનના વિકાસમાં પદ્ધતિના ઉપયોગ વિશે આશાવાદી છે. વૈજ્ઞાનિક ડૉ. વંદના ઘોરમાડે અને પીએચડી વિદ્યાર્થી કમલ માયાટ્ટુની આગેવાની હેઠળનું સંશોધન ડૈંજષ્ઠરૈંકિ કષ્ટહિટ્ટૈર્કિજિષ્ઠરેહષ્ઠ જર્નલમાં પ્રકાશિત થયું હતું. ટીમ આવા ફૂગપ્રતિરોધીનેનો ફોર્મ્યુલેશનના અવકાશને વધુ વિસ્તૃત કરવા અને ભવિષ્યમાં વ્યાપારીકરણ માટે જાહેર-ખાનગી ભાગીદારીની શક્યતા માટે આશાવાદી છે. એસ્પરગિલસ ફ્યુમિગેટસ હાઈફલ ટીપ્સ નિકોમાઈસિન લોડેડ પોલિમરીક નેનોપાર્ટિકલ્સની હાજરીમાં વિસ્ફોટ દર્શાવે છે

ભારતના રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર પ્રદાન કર્યા

કમલમ્ ન્યુઝ,

ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨૦ ઓગસ્ટ, ૨૦૨૪) રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત એક સમારોહમાં નેશનલ જીઓસાયન્સ એવોર્ડ્સ-૨૦૨૩ એનાયત કર્યા. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્યને હાંસલ કરવા માટે ખનિજ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી મહત્વપૂર્ણ છે. તેમણે એ જાણીને ખુશી થઈ કે સરકાર નેશનલ જીઓસાયન્સ ડેટા રિપોઝીટરી પોર્ટલ દ્વારા ભૂ-વૈજ્ઞાનિક ડેટાનું એકીકરણ, ખનિજ સંસાધનોના સંશોધન અને ખાણકામમાં AIનો ઉપયોગ તેમજ ઉભરતી તકનીકીઓ જેવા ઘણા પગલાં લઈ રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પગલાઓથી આપણે આપણી કુદરતી સંપત્તિને વધુ સારી રીતે સમજી શકીશું અને તેનો યોગ્ય ઉપયોગ કરવામાં સક્ષમ બનાવીશું. રાષ્ટ્રપતિએ કહ્યું કે સતત વિકાસની દિશામાં આગળ વધતા ભારત નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. મોટા પાયા પર સ્વચ્છ ઊર્જાને અપનાવવાના અમારા પ્રયાસો આ લક્ષ્યને અનુરૂપ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હરિત પરિવર્તન માટે ક્રિટિકલ મિનરલ્સ અને દુર્લભ પૃથ્વી તત્વો જેવા ખનિજો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશનની સ્થાપનાથી ભારતને આત્મનિર્ભર બનવામાં મદદ મળશે અને આર્થિક વિકાસ અને હરિયાળી સંક્રમણ માટે જરૂરી નિર્ણાયક ખનિજોની મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવવામાં મદદ મળશે. રાષ્ટ્રપતિએ કોલકાતામાં નેશનલ લેન્ડસ્લાઈડ ફોરકાસ્ટિંગ સેન્ટરની સ્થાપનાની નોંધ લઈને ખુશી વ્યકત કરી હતી જે તમામ ભૂસ્ખલનગ્રસ્ત રાજ્યો માટે પ્રારંભિક ચેતવણી બુલેટિન જારી કરશે. તેમણે આપણી પ્રણાલીઓને એટલી નિરર્થક અને સચોટ બનાવવા પર ભાર મૂક્યો કે ભૂસ્ખલન અને પૂર જેવી આપત્તિઓથી ઓછામાં ઓછું નુકસાન થાય. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતનો ભૂસ્તરશાસ્ત્રીય ઈતિહાસ તેના ખડકો, મેદાનો, અવશેષો અને દરિયાઈ તળે નોંધાયેલો છે અને આપણે તેને આપણો ભૂસ્તરશાસ્ત્રીય વારસો કહી શકીએ છીએ. તેમણે યુવાનોને ભૌગોલિક પ્રવાસન અને જિયો હેરિટેજ સ્થળોનું મહત્વ સમજવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભૂ-પર્યટન લોકોને ભૂ-વિજ્ઞાનના ક્ષેત્રમાં જોડાવા પ્રોત્સાહિત કરવા માટેનું માધ્યમ બની શકે છે. નેશનલ જીઓસાયન્સ એવોર્ડની સ્થાપના ભારત સરકારના ખાણ મંત્રાલય દ્વારા ભૂ-વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિઓ અને ઉત્કૃષ્ટ યોગદાન માટે વ્યક્તિઓ અને ટીમોને સન્માન કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા વિવિધ પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી

કમલમ્ ન્યુઝ,દેવભૂમિ

રક્ષાબંધનનો પવિત્ર ભાઈ-બહેનના વિશુદ્ધ પ્રેમની જીવણીનો અવસર છે. બહેન ની રાખડી હાથ પર બંધાતાની સાથે જ બહેનના રક્ષણની જવાબદારી ભાઈ સસ્મિત સ્વીકારે છે, જેથી બહેન સુરક્ષાની અનુભવ કરે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા મહિલાઓને બાળ અધિકારીની કચેરી દ્વારા ખંભાળીયા પોલીસ સ્ટેશન, દ્વારકા પોલીસ સ્ટેશન, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે આવેલ મહિલા પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધન પર્વની જિવણી કરવામાં આવીહતી. મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી સંલગ્ન ડિસ્ટ્રિક્ટ હબ કોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન, મખી વન સ્ટોપ સેન્ટર, પોલિસ સ્ટેશન બેઠેઝ્ડ સપોર્ટ સેન્ટર જેવા વિવિધ યોજનાકીય પ્રકલ્પોના કર્મચારીઓ દ્વારા આ તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. નાગરીકો અને તંત્ર વચ્ચેની નિકટતા અને વિશ્વાસ વધારવાના ઉમદા હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનના અધિકારી અને કર્મચારીઓને રક્ષાબંધનના પવિત્ર પર્વપર રાખડી બાંધી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

કમલમ્ ન્યુઝ,આનંદ ઠક્કર

સમગ્ર ભારત ભર માં પશ્ચિમ બંગાળ માં બનેલ ડો ની હત્યા દુષ્કર્મ નો સખતવિરોધ થઈ રહ્યો છે ત્યારે મૃતક ને ન્યાય અને અપરાધી ને કડક માંકડક સજા થયા તેમાટે મશાલ રેલી સાથે પ્લેકાર્ડ બતાવી મૌન રેલી બનાસકાંઠા જિલ્લા નાં મહીલા મોરચા નાં અધ્યક્ષા ભીખીબેન વોરા ઉપ પ્રમુખ પૂજાબેન ઠક્કર ઉપ પ્રમુખ દક્ષાબેન ડીસાનગરપાલિકા પ્રમુખ સંગીતાબેન દવે વર્ષાબેન પટેલ શહેર મહીલા મોરચા પ્રમુખ કલાવતી બેન પ્રભાકરી ટીનાબેનઠાકોર નયનાબેનસોલંકી પૂનમબેનભાટી ગીતાબેન રંજન ખત્રીચેતના બેન ઠક્કર તેમજઅન્ય બહેનોએ હાજરી આરેવી માં આવી હતી કાર્યક્રમ માં મંત્રીસંજય ભાઈ બ્રહ્મભટ્ટ રમેશદલવાડિયા નરસિંહ વાઢેર રાજુભાઈ ત્રિવેદીએ હાજર રહી બનાવ ને વખોડી કાઢ્યો હતો

કમલમ્ ન્યુઝ,

ડોક્ટર બાબા સાહેબ આંબેડકરે ૮ મી જુલાઈ ૧૯૪૬ મા પીપલ્સ એજ્યુકેશન સોસાયટી મુંબઈની સ્થાપના કરી હતી. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી મુંબઈના ઉપક્રમે મુ.પોસ્ટ ,સમી, જીલ્લો પાટણ ખાતે શ્રી ડોક્ટર કિરીટભાઈપ્રેમજીભાઈ સોલંકી, પૂર્વ પેનલ સ્પીકર લોકસભાના સુચારુમાર્ગદર્શન હેઠળ અતી આધુનિક ભવ્ય શૈક્ષણિક સંકુલ નિર્માણ થાય તે માટે યુવાન સામાજિક કાર્યકર શ્રી ભીખાભાઈ મોતીભાઈ પરમાર ૯૯૯૮૨ ૪૪૪૫૭ ,મુકામપોસ્ટ સમીએ તેમની ખુદની માલિકીની જમીન ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના પૌત્ર શ્રી આનંદ રાજ આંબેડકર ચેરમેન શ્રી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી મુંબઈને દાન આપી છે ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના શિક્ષણ કાર્યને આગળ વધારવા માટે ખૂબ જ પ્રશંસનીય સેવાકીય કાર્ય શ્રી ભીખાભાઈ મોતીભાઈ પરમારએ કર્યું છે.

ગુજરાત એસટી નિગમ દ્વારા નવી ૨૮૦૦ બસો પ્રજાની સેવામાં મૂકવામાં ૧૮ નવા બસ સ્ટેશનો તેમજ બસ ડેપો શરૂ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત એસટી બે સોનો કાયાકલ્પ થયો છે. છેલ્લા દોઢ વર્ષમાં ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર (એસટી) નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારોકરવા માટે ૧૬૬ કરોડથી વધુના ખર્ચે નવી બસો શરૂ કરવામાં આવી છે, તેમજ નવા બસ સ્ટેશનો/ડેપોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, એક સમયે ગુજરાત એસટી નિગમની આર્થિક હાલતખરાબ તબક્કામાંપહોચ્યાર થતીહતી, પરંતુ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતના મુખ્ય મંત્રી નરીકે પદભાર ગ્રહણ કરતા જ રાજ્યના જાહેર નિગમોના કાયાકલ્પની ઝુંબેશ ઉપાડીહતી, જેમાં એસટી નિગમનો પણ સમાવેશ થતો હતો. તેના પરિણામસ્વરૂપે આજે ગુજરાતએસટી નિગમ રાજ્ય માં નવી બસોના ઉમેરો તેમજ નવા બસ સ્ટેશનો, નવા ડેપો-વર્કશોપના વિકાસ સાથે રાજ્યના લાખો પ્રવાસીઓને મુસાફરીની ઉત્તમ સુવિધાઓ પૂરી પાડી રહ્યું છે. એસટી નિગમ જૂની બસોના સ્થાને નવી, આધુનિક બસો ઉપરાંત મુસાફરોને ઈલેક્ટ્રિક બસોની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે, જેના દ્વારા નિગમ ગુજરાતના ગ્રીનટિવોલ્યૂશનમાં પણ ફાળો આપી રહ્યું છે. આ સાથે જ નિગમ દ્વારા તાજેતરમાં ચાલુ કરવામાં આવેલી ઇબલ ડેકર બસો રાજ્યના જાહેર વાહન વ્યવહાર ક્ષેત્ર, નિગમ અને રાજ્ય સરકારની શાન વધારીરહી છે.

નિગમ દ્વારા ૧૬૬ કરોડથી વધુના ખર્ચેવિવિધ વિકાસ કર્યો

ગુજરાત સરકાર અને એસટી નિગમ સાથે મળીને રાજ્યમાં એસટી બસ સેવામાંઉત્તરોત્તર સુધારો કરી રહ્યા છે. રાજ્યસરકારના પ્રોત્સાહન સાથે ગુજરાતરાજ્ય એસટી નિગમ દ્વારા૧૬૬ કરોડથીવધુના ખર્ચેવિવિધ વિકાસકાર્યો હાથધરવામાં આવ્યાંછે, જેમાંનવી બસોનું લોકાર્પણ, નવા બસ-સ્ટેશનો/તેમજ નવા ડેપો-વર્કશોપનું લોકાર્પણ અને નવા બસ-સ્ટેશનો, ડેપો-વર્કશોપના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. નિગમ દ્વારાડિસેમ્બર-૨૦૨૨ થીમે-૨૦૨૪ સુધીમાં, એટલે કે છેલ્લા દોઢ વર્ષમાં કુલ ૨૮૦૦ નવીબસો પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે, તો ૧૮ નવા બસ સ્ટેશનો/ડેપોનું લોકાર્પણ કરવામાંઆવ્યું છે. એટલું જ નહીં રાજ્યમાં ૨૦ નવા બસ સ્ટેશનો/ડેપોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેની કામગીરી પૂરજોશ માં ચાલી રહી છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર તથા એસટી નિગમ પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) ધોરણે નિર્મિતઆધુનિક સુવિધાઓ ધરાવતા ભુજ તેમજભરૂચ બસસ્ટેશનોનું લોકાર્પણ કર્યું છે. નિગમ દ્વારા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૫ આઈકોનિક એસી ડબલડેકર ઈલેક્ટ્રિક બસો સંચાલનમાંમુકવામાં આવી છે, જે મુસાફરોના આકર્ષણ અને સુવિધાનું કેન્દ્ર બની રહી છે. આ સાથે જ, નિગમ દ્વારા ૧૦ હજારથી વધુ ડ્રાઇવર, કન્ડક્ટર, મિકેનિકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફની ભરતી કરવામાં આવશે, જે માટેની મંજૂરી આપી દેવામાં આવી છે.

કયારથળે કેટલા વાહનોનું થયું લોકાર્પણ ?

ગુજરાત રાજ્ય એસટી નિગમ દોઢ વર્ષમાં કુલ ૨૮૮૬નવા વાહનોનું લોકાર્પણ કર્યું છે. તેમાંરાજ્ય કક્ષાએ ૫૮૪, ગાંધીનગરમાં ૪૧૭, જામનગરમાં ૧૫૧, પાલનપુરમાં ૯૦, નવસારીમાં ૧૨૫, વડોદરામાં ૪૭૪, સુરતમાં ૧૧૧, શંખેશ્વરમા ૧૫, રાણીપ (અમદાવાદ)માં ૪૭, લુણાવાડા તથા કવાંટમાં ૫૦, ગિફ્ટ સિટી (ગાંધીનગર)માં ૨, સોનગઢમાં ૫૧, વિધાન સભા / સચિવાલય (ગાંધીનગર)માં૩૦, ક્લોલમાં૨૫, નડાબેટમાં ૧૦૦ તથાજીએમડીસી (અમદાવાદ)માં ૩૦૧ વાહનોનો સમાવેશ થાય છે.

આ સ્થળોએકસાથે નવા બસ સ્ટેશનો /ડેપો/ વર્કશોપનું લોકાર્પણ

રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલ ફંડ હેઠળ, નિગમે ૧૬ સ્થળો પર ?૫૪ કરોડથી વધુના ખર્ચે નિર્મિત નવા બસ સ્ટેશનોનુંલોકાર્પણ કર્યું છે, જેમાંસુરેન્દ્રનગર, મેહસાણા (નવું), ધાનપુર, ડેસર, લીમખેડા, મધુવન, રાજકોટ સ્ટેલાઈટ,વસો, ચકલાસી, ક્વાંટ, સોનગઢ,આટકોટ, ભરૂચ (ભાલોદ રોડ), કામરેજ, થાન ગઢ, વાકાનેર તેમજ હળવદનો સમાવેશ થાય છે. તેવી જ રીતે ૨૮ કરોડથી વધુના ખર્ચે પીપીપી ધોરણે નિર્મિત ભરૂચ તેમજ ભુજ બસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ૫ કરોડ ૫૦ લાખથી વધુના ખર્ચ લુણાવાડા તથા દ્વારકા ખાતે નવનિર્મિત ડેપો-વર્કશોપનું લોકાર્પણ કરવામાંઆવ્યું છે.

આ સ્થળોએનવાં નવીનબસ સ્ટેશનો /ડેપો

રાજ્ય સરકાર દ્વારાફાળવાયેલ કંડમંતુર્ગત નિગમ દ્વારા ૧૨ સ્થળોએ ૪૩ કરોડથી વધુના ખર્ચે નવા બસ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે. આ તમામ બસ સ્ટેશનોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્તકરી દેવામાંઆવ્યું છે, જેમાં જો ટાણા, શંખેશ્વર, સરસ્વતી, રાણપુર, વીરપુર, આમોદ, સુઈગામ, લોધિકા, કુકરવાડા, લાઠોદ, ઉમરગામ તથા જામનગરનો સમાવેશ થાય છે. તેવી જ રીતે રાજ્યના ૮ સ્થળોએ ૩૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર નવા ડેપો/વર્કશોપનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેમા સંતરામપુર, ઝિંઝા,હરિજ, પાદનપુર, જામજોધપુર, તલોદ, વીજાપુર તેમજ બોડેલી જેવા સ્થળોનો સમાવેશ થાય છે.

ડીસા ઇન્ટરનેશનલ લોહાણા મહીલા મંડળ દ્વારા પત્રકાર મિત્રો માટે રક્ષાબંધન નો કાર્યક્રમ રખાયો

કમલમ્ન્યુઝ,આનંદ ઠક્કર

ડીસા ખાતે ઈન્ટરનેશનલ લોહાણા મહીલા મંડળ જે રચનાત્મક તેમજ સેવાકીય કાર્ય માં અગ્રેસર છે તાજેતર માં રક્ષાબંધન વખતે અ લગ અલગ જગ્યા એ રક્ષાબંધન નો કાર્યક્રમ વિવિધ સેવાકીય સંસ્થા દ્વારા કરવા માં આવતા હોય છે ત્યારે ડીસા ની ઈન્ટરનશલ લોહાણામહિલા મંડળ દ્વારા જલારામ મંદિર ખાતે ડીસા નાં પત્રકાર મિત્રો ને સન્માન વા તેમજ તેમને રાખડી બાંધવા નો કાર્યક્રમ રાખવા માં આવેલ જે માં ડીસા નાં વિવિધ અખબાર તેમજ ચેનલનાં પત્રકારમિત્રો હાજર રહ્યા હતા તેમનું મો મીઠું કરાવી તેમને રાખડી બાંધી તેમને સન્માનિત કરાયા હતા આ કાર્યક્રમ દરમ્યાન પત્રકાર મિત્રો ભાવ વિભોર બન્યા હતા સર્વે બહેનો ને તેમને મીઠાઈ નરીકે તેમજ અન્ય કામો માં જયા જરૂર હોય ત્યાંભાઈ નીજેમ અમો તમારી સાથે ઉભા રહે શું આ કાર્યક્રમ સંસ્થા નાં પ્રમુખ પૂજાબેન ઠક્કર બીનાબેન ઠક્કર દિપ્તીબેન ઠક્કર રિનાબેન ઠક્કર જયોતિબેન ઠક્કર શારદાબેન ઠક્કર ઈન્ટરનેશનલ લોહાણા મહીલા મંડળ નીબહેનો દ્વારાસુંદર કાર્યક્રમ નું આયોજન થયું હતું સમગ્ર કાર્યક્રમ નું સંચાલન દિલીપભાઈ રનાણી અને કલ્પેશભાઈ ઠક્કરે કર્યું હતું

આહવાના 'ડાક ઘર' ખાતે રાજ્યના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની ઉપસ્થિતિમાં 'ધ્વજવંદન' અને 'ડાક ચોપાલ' નો કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,આહવા

૧૫ મી ઓગસ્ટના રોજ દેશભરમાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવીહતી, જેનાં ભાગરૂપે ગુજરાત પોસ્ટલ સર્કલની તમામમુખ્ય પોસ્ટ ઓફિસોમાં 'ધ્વજવંદન' અને 'ડાક ચોપાલ' નો કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. ડાંગજિલ્લાના મુખ્ય મથક આહવાના 'ડાક ઘર' ખાતે રાજ્યના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ શ્રીગણેશ સાવંધ્યકરની ઉપસ્થિતિ માં 'ધ્વજવંદન' અને 'ડાક ચોપાલ',નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં 'ડાક ચોપાલ' કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને પોસ્ટ ઓફિસો દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અને ભારતના લોકો માટે ઉપલબ્ધ બચત અને રોકાણના વિવિધ વિકલ્પો વિશે માહિતી અને મૂલ્યાંકન કરવામાં આવ્યુહતુ. આ ઉપરાંત પીએમ કિસાન યોજના, પીએમ જીવન જ્યોતિ વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, મહિલા સમ્માન બચત પ્રમાણપત્રો, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ વગેરે જેવી સરકારી યોજ નાઓની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દક્ષિણ નાયબ વન સરંક્ષક શ્રી રવિ પ્રસાદ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ સહિત બારડોલી મંડળના ડાક અધિક્ષક શ્રી અરવિંદકુમાર, આહવાના પોસ્ટ માસ્ટર શ્રી યુસુફ શેખ, પોસ્ટ ઈન્સપેક્ટર શ્રી દિપક ગોસાઈ, માર્કેટીંગ એકઝયુકેટીવશ્રી સમિર શેખ, ટપાલ કર્મચારીના કર્મચારીઓ, ગ્રાહકોવિગેરે ઉપસ્થિતરહ્યા હતા.

રાજ્યમાં ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા કુલ ૪ હજારથી વધુ ફરિયાદોનો મધ્યસ્થી-સમજાવટથી ઉકેલ કરાયો: ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા

ગ્રાહકોની ફરિયાદ નિવારવા માટે ૧૮૦૦૨૩૩૦૨૨૨ હેલ્પલાઇન નંબર કાર્યરત

કમલમ્ ન્યુઝ,

રાજ્યના ગ્રાહકોનેજીવન જરૂરીયાત વસ્તુઓની ખરીદીમાંકોઈ સમસ્યા ના થાય તે માટે ગુજરાત સરકારના ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા સતત અનેકવિધપ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના પરિણામે રાજ્યમાં ગ્રાહક સુરક્ષા મંડળોદ્વારા અત્યાર સુધીમાંકુલ ૪,૩૬૩ફરિયાદોની મધ્યસ્થી તથા સમજાવટ કરીને ગ્રાહકોનાહિતમાં ઉકેલ લાવવામાંઆવ્યો છે, તેમ ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું. તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૧૦થી ગ્રાહક સલાહકાર કેન્દ્રો રાજ્યના ૨૧ જુદા- જુદા સ્થળે સ્થાપવામાં આવ્યાંહતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વમાંગ્રાહક સુરક્ષાવિભાગ દ્વારા છેલ્લા ૧ વર્ષમાં કુલ ૬,૦૦૯ ગ્રાહકોને નિઃશુલ્ક સલાહ તેમજ માર્ગદર્શન આપી તેમની સમસ્યાઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૨ લાખથી વધુની વાર્ષિક નાણાકીય સહાય ચૂકવવામાં આવીછે, તેમ મંત્રીએ કુંવરજીભાઈએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી કુંવરજીભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના ગ્રાહકોનીસમસ્યાઓને નિવારવા માટે ગ્રાહક સુરક્ષા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જેના ફળરૂપે આ કેન્દ્ર પરિણામલક્ષી કામગીરી કરી રહ્યું છે. ગ્રાહક સુરક્ષા કેન્દ્રના સહયોગથી અલગ ડિસ્સાઓમાં કંપનીઓ દ્વારા રૂ. ૫ હજાર થી રૂ.૨૦ લાખ સુધીનો વળતર ગ્રાહકોને ચૂકવવામાં આવ્યું છે. જેમાંવીમા કંપનીઓ, ટ્રાવેલ્સ, પશુવીમા, રિસોર્ટવગેરે કંપનીઓનો સમાવેશ થાય છે.

વિવિધ યોજનાઓથકી આપવામાં આવતી સહાય:

રાજ્યના ભાવી ગ્રાહકો વધુ સશકત અને જાગૃત બને તે માટે 'કન્ઝ્યુમર્સ ક્લબ યોજના' અમલી બનાવી છે. આ યોજના હેઠળ ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા પ્રતિવર્ષ રાજ્યના તમામ જિલ્લાઓમાં અંદાજે ૨,૦૦૦ શાળાઓ અને ૫૦૦ કોલેજ કક્ષાએ એક વર્ષ માટે કન્ઝ્યુમર્સ ક્લબ સ્થાપવામાં આવે છે. જેમાં ક્લબદીઠ રૂ. ૫,૦૦૦ની નાણાકીય સહાય પણ ચૂકવવામાંઆવે છે.

હેલ્પલાઇન નંબરથી જ ફરિયાદોનું નિવારણ:

રાજ્ય માં કોઈપણ નાગરિક – ગ્રાહકને વેપારી-વિકેતા સામે તાત્કાલિક ફરિયાદ નોંધાવી હોય તો તે માટે ગ્રાહક સુરક્ષા દ્વારા ૧૮૦૦૨૩૩૦૨૨૨ હેલ્પલાઈનનંબર કાર્યરત કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી-૨૪ સુધીની સ્થિતિએ આ નંબર પરથી છેલ્લા ૫ વર્ષમાં કુલ ૩૯ હજારથી વધુ ફરિયાદોનું સુખદ નિવારણ કરવામાંઆવ્યું છે.

ગ્રાહકોને વધુ જાગૃત કરવા વિવિધ પ્રયાસો:

રાજ્યમાંગ્રાહક સુરક્ષામાન્યતા પ્રાપ્ત કુલ ૫૩ ગ્રાહક સુરક્ષા મંડળો કાર્યરત છે. આ મંડળોદ્વારા ગ્રાહકોને વધુ જાગૃત કરવાના ઉમદા આશયસાથે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૨ શિબિર, ૧૯૮ સેમિનાર, ૯૭ વર્કશોપ, ૯૮ પરિસંવાદ, ૩૨૧ ગ્રામ શેરીસભા, ૪૦૮ પ્રદર્શન-નિદર્શન, ૧૦૪ વિડીયો શો, ૩૪ ટી.વી. પ્રોગ્રામ અને ૪ રેડિયો પ્રોગ્રામ કરી બહુઆયામી પ્રયાસો હાથ ધર્યા છે.

સાથે જ અંતરિયાળ વિસ્તારના ગામના ગ્રાહકોમાંપણ જાગૃતિકેળવાય તેવા આશય થી કુલ ૨ લાખથી વધુ ગ્રાહક જાગૃતિની પત્રિકા,૯૬ હજારથીવધુ પત્રિકા-માસિક બુલેટીન, ૨૦ હજાર થી વધુ ભીંતપત્રો, પ્રેસનોટ, સસ્તા અનાજની દુકાન પર ક્લેશ બેનર પર જાહેરાત, ગ્રાહક સુરક્ષાના કેલેન્ડર, સાહિત્ય, પેમ્ફલેટ છપાવીને તેનું વિતરણ કરવામાં આવે છે. સાથે-સાથે છેલ્લાં ૫ વર્ષથી રાજ્યવ્યાપી એસ. ટી. બસ, સરકારી કચેરીઓ, ગ્રામ પંચાયત,અને જિલ્લાઓના અગ્રણ્ય ના સ્થળો પર હોર્ડિંગ ઉપર જાહેરાત કરી રાજ્યના ગ્રાહકોને માહિતગાર કરવામાં આવે છે. નિયામક ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા કન્ઝ્યુમર્સ અફેર્સ એન્ડ પ્રોટેક્શન એજન્સી મારફતે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિઓને પણ સામેલ કરી લોકશાહી ઢબે નિર્ણય નિમાર્ણની કામગીરી હાથ ધરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક કલ્યાણ નીધિના વ્યાજમાંથી ગ્રાહક સુરક્ષા મંડળને તાલુકા કક્ષાએ રૂ. ૭૫,૦૦૦ જિલ્લા કક્ષાએ રૂ. ૧ લાખ અને મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાને રૂ. ૧.૨૫ લાખની નાણાકીય સહાય વાર્ષિક ધોરણે ચૂકવવામાં આવેછે. અત્રેઉલ્લેખનીય છે કે, રાજ્યના તમામ ગ્રાહકોને વધુ જાગૃત કરવા તેમજ પ્રચાર-પ્રસારની કામગીરી કરવા રાજ્ય સરકારદ્વારા અગાઉકર્યું ૨૦૧૨માંરૂ. ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી જે વધારીને રૂ. ૨૦ કરોડ કરવામાં આવી છે. ગ્રાહકોમાં વધુને વધુ જાગૃત માટે દર વર્ષે તા. ૧૫મી માર્ચે 'વિશ્વ ગ્રાહક દિવસ' અને તા. ૨૪મીડિસેમ્બર ે 'રાષ્ટ્રીયગ્રાહક દિવસ' તરીકે રાજ્યભરમાં ઉજવવામાં કરવામાં આવેછે.

બી.સી.એ. કોલેજ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે Expert Lecture નું આયોજન

કમલમ્ ન્યુઝ, ડીવિઝ પટેલ

વિસનગર ની સાંકળચંદ પટેલયુનિવર્સિટી માં કોલેજ શ્રી સી. જે પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડી(B.C.A) દ્વારાતારીખ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ એક્સપર્ટ લેક્ચર નું આયોજન કર વામાં આવ્યું હતું. જે માં એક્સપર્ટ લેક્ચર માટે MSP Group of Companies ના ડાઈ શ્રી જયેશ.પિ. મહેતા સાહેબ મુખ્ય વક્તાતરીકે હાજર રહ્યા હતા. તેમજ ક્રિયેટર અનેટેકનોલોજી વિશે પરિચય કરાવી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તથા માર્ગદર્શન પુરુંપાડ્યું હતુંતમાંમોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તથા કાર્યક્રમને સફળ બનુ વવા માટે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડો.પ્રકાશભાઈ પટેલ સાહેબ , પ્રોવેસ્ટ ડો. પી. એમ. ઉદાણી સાહેબ, રજીસ્ટાર ડો. પદ્મિલ ત્રિવેદી સાહેબ, કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી ડો. હર્ષદભાઈ પ્રજાપતિ સાહેબ, તથા તમામ સ્ટાફ મિત્રોએ સહયોગ આપ્યોહતો.

કમલમ્ ન્યુઝ,

કૃષિ ક્ષેત્રમાંઅધતન ડ્રોન ટેકનોલોજી (કૃષિવિમાન)નો ઉપયોગથી ખેડૂતોનો સમય અને નાણાની બચત થાય તે હેતુંથી સરકારશ્રી દ્વારા કૃષિ ક્ષેત્રમાં અધતન ડ્રોન ટેકનોલોજી (કૃષિ વિમાન) યોજના અંતર્ગત ૯૦% અથવા વધુમાં વધુ રૂ. ૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે રકમ પ્રતિ છંટકાવ મળવાપાત્ર થશે. ખાતાદીઠ પ્રતિ છંટકાવવધુમાં વધુ પાંચ એકરની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે. આ યોજનાનો લાભ એટસોર્સઘટક તથા ઓનલાઈન આઈ-ખેડુત પોર્ટલ દ્વારા મેળવીશકાય છે.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા હસ્તે VNSGUમાં શ્રેષ્ઠ NSS કોલેજથી સન્માનિત કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ(અંગ્રેજી માધ્યમ)એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ(ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનએન્ડ સાયન્સઅમરોલી કોલેજનેવર્ષ ૨૦૨૩-૨૪દરમ્યાન કરવામાંઆવેલ ખૂબ જ ઉલેખનીય કાર્ય રાષ્ટ્રભક્તિ, સમાજ જાગરણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, બૌદ્ધિક, વાર્ષિક શિબિર અને મુખ્યત્વેયુવા જાગરણ જેવા વિશિષ્ટ કાર્યોને ધ્યાનમાંરાખીને સદર કોલેજને માનનીય શિક્ષણ મંત્રીશ્રીપ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા શ્રેષ્ઠ NSS કોલેજ ''સન્માન પત્ર'' આપવામાંઆવેલ છે. આ પ્રશંસનીય કામ માટે જીવન જ્યોતટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, કોલેજનાં આચાર્ય ડૉ. મુકેશભાઈગોયાણી, NSS પ્રોગ્રામઓફિસર પ્રા.જ્યોતિકા ટેલર અનેડો. પ્રદીપકુમાર લેનકા ખૂબખૂબ અભિનંદન પાઠવે છે.

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એક દિવસીય કાર્યશાળા "સેવા હી સાધના ૨૦૨૪" નું આયોજન



કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એન.એસ.એસ.સંલગ્ન જુદી-જુદી ૧૦૦ જેટલી કોલેજોમાં કાર્યરત ૧૯૦ પ્રોગ્રામઓફિસરશ્રીઓ માટે એક દિવસીય કાર્યશાળા ''સેવા હી સાધના ૨૦૨૪'' નું આયોજન ચાણક્ય હોલ, એચ.આર.ડી. વિભાગ,વી.એન.એસ.જી., સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં'' એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત સન્માનનીય અને આદરણીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ ચાવડા, આદરણીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને એન.એસ.એસ.ના ડાયરેક્ટરશ્રી ડો પ્રકાશચંદ્ર એ વૃક્ષારોપણ કર્યું સાથો સાથએક પેડ મા કે નામ અભિયાનનું આહવાન કર્યું હતું.આ કાર્યશાળામાં મુખ્ય અતિથી અને મહેમાન તરીકે માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સત્ર/ઉદ્ઘાટન સત્રની શરૂઆત માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબના પ્રાસ્તાવિક સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. ચાવડાસાહેબે રાષ્ટ્રીય સેવાયોજના દ્વારા થતાકાર્યોના ખૂબ વખાણ કર્યા હતા અને વધુ વેગ થી કામ થાય તે માટે પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને આહવાન કર્યું હતું. ડો. પ્રકાશચંદ્ર એ જ્યારથી એન.એસ.એસ. નો ચાર્જ લીધો છે ત્યારથી જ એન.એસ.એસ. વિભાગનું કાર્ય ખૂબ જ ગતિથી આગળ વધી રહ્યું છે તેવુંતેમણે જણાવ્યું હતું. સેવા હી સાધના વિષય પર શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાજીએ ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવ્યુંહતું. સેવા એ જીવનની સુગંધ છે અને તેના દ્વારા પણ સમાજ અને રાષ્ટ્ર સેવા કરી શકાય છે સાથે શિક્ષકો યુવાઓને સેવાના માધ્યમથી રાષ્ટ્ર કાર્ય સાથે જોડે તે પણ રાષ્ટ્રીય કાર્ય અને કર્તવ્ય છે આ વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. માનનીય મંત્રીશ્રીના સત્રએ તમામમાં ખૂબ જ ઉર્જા ભરી દીધી હતી. ત્યારબાદ એન.એસ.એસ. કાર્ય સાથે જોડાયેલી અને સર્વશ્રેષ્ઠ કાર્ય કરતી અમુક કોલેજો નીપસંદગી કરી અને તેવી કોલેજો ને માનનીય શિક્ષણ મંત્રીશ્રીના વરદહસ્તે ''સન્માન પત્ર'' એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના દ્વિતીય સત્રમાં ડૉ. અર્પિત દેવઉપસ્થિત રહ્યાહતા અને તેમણે રાષ્ટ્ર કાર્યમાં શિક્ષકની ભૂમિકાવિષય પર વિસ્તૃત વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ. સંલગ્ન કોલેજમાંથી સૌથીશ્રેષ્ઠ કાર્ય કરતી હોય તેવી ૦૫ કોલેજોનું પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના ચતુર્થ સત્રમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીદ્વારા ''સેવા બને સ્વભાવ'' વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે વ્યક્તિગત જીવનમાં અને વ્યક્તિગત આચરણ માં સેવા નો જે ભાવ છે એ સ્વભાવ બનવો જોઈએ અને એ સ્વભાવ જ એ વ્યક્તિને સમાજમાં અલગતારે છે કેમ કે જયાં સુધી સેવાનો જે ભાવ છે એ સ્વભાવનહીં બને ત્યાં સુધી અવિરત કાર્ય કરવું એ મુશ્કેલ છે સાથે ગઢવી સાહેબે પોતાના જીવનપ્રસંગમાંઅનુભવિત કચ્છના ભૂકંપનું ઉદાહરણ આપીને માહિતી આપી હતી. પાંચમાં સત્રમાં એન.એસ.એસ.નાડાયરેક્ટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા ''રાષ્ટ્ર કાર્યની અધ્યાત્મ સાધના'' વિષય પર બૌદ્ધિક રાષ્ટ્ર કાર્ય અને અધ્યાત્મ સાધનામાં એનએસએસ થી જોડાયેલા દરેક પ્રાધ્યાપકોએ મોટી સંખ્યામાં યુવાઓને સાથે લઈને સેવાના કાર્યો સામાજિક કાર્યો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા યુવાઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનુંકાર્ય કરે છે એહવન સાથે દરેકપ્રોગ્રામ ઓફિસરે સ્વયં જાગૃત રહીનેસક્રિય રહીને યુવાઓને પણ સક્રિય રાખવા એપ્રથમ દેશભક્તિનું સોપાન છે આ વિષય પર ખૂબ ઊંડાણપૂર્વક માર્ગ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતમાં હાજર સૌ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અનેએન.એસ.એસ.ના ડાયરેક્ટર ડૉ. પ્રકાશચંદ્રના વરદહસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાંઆવેલ હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી વાજબી ભાવની દુકાનો (FPS)ને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેક્ટનો શુભારંભ

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર તેમજ મેયર સુશ્રી પ્રતિભા જૈનની પ્રોત્સાહક ઉપસ્થિત



દેશનાં ૪ રાજ્યોમાં વાજબી ભાવની ૬૦ દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવામાં આવી : કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી

કમલમ્ ન્યુઝ,

ભારતના ખાદ્યઅને જાહેર વિતરણ વિભાગ દ્વારા વાજબી ભાવની દુકાનો (FPS)ને 'જન પોષણ કેન્દ્ર'માંપરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેક્ટનોદિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રીશ્રી પ્રલ્હાદજોશી દ્વારા શુભારંભ કરવામાં આવ્યો. અમદાવાદમાં સાબરમતી વિસ્તાર માં'જન પોષણ કેન્દ્ર'ના ઉદ્ઘાટન માં કેન્દ્રીય મંત્રી શ્રી વર્ચ્યુઅલ માધ્યમથીજોડાયા હતા તો ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર રૂબરૂ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશીએ વર્ચ્યુઅલ સંબોધનમાંજણાવ્યું હતું કે, દેશનાં ૪ રાજ્યોમાં ૬૦ વાજબી ભાવની દુકાનો (FPS)ને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ જન પોષણ કેન્દ્ર યોજનાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૫૦ ટકાથીવધુ પોષણયુક્તઅને પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યોછે, જેથીવેપારીની આવકમાં વધારો થશેઅને લોકો પોષણયુક્ત વસ્તુઓસીધી ખરીદીશકશે તેમજ લોકોમાં પૌષ્ટિક વસ્તુઓને લઈને જાગૃતિ આવશે. સમગ્ર દેશમાં ૩.૫ લાખ વાજબીભાવની દુકાનો આવેલીછે. જેમાંપ્રધાનમંત્રીગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) અંતર્ગત ફ્રી રાશનનું વિતરણ કરવામાંઆવેછે. કેન્દ્ર સરકાર આ માટે રૂપિયા બે લાખ કરોડથી વધુ ફાળવે છે, એવું તેમણેઉમેર્યુ હતું કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુંહતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર ગરીબોને ફૂડ સિક્યોરિટી આપી રહી છે. આગામી સમયમાં વધુમાં વધુ દુકાનોને જન પોષણ કેન્દ્રમાંપરિવર્તિત કરવાનું આયોજન છે, જેથી દેશના નાગરિકો સુધી પૌષ્ટિક અનેગુણવત્તાયુક્ત આહાર પહોંચે, એવું તેમણે ઉમેર્યું હતું. વન નેશન, વન રાશન કાર્ડની યોજના હેઠળ ૧૪૪ કરોડ પોર્ટેબિલિટી ટ્રાન્ઝેક્શન થાય છે. આ યોજનાથી કોઈપણ રાજ્યનીમાઈગ્રેટ થયેલી વ્યક્તિ કોઈ પણ જગ્યાએથીરાશન સરળતાથી મેળવી શકે છે. આ અવસરે અન્ન અનેનાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક નાગરિકોનીચિંતા કરીને આ 'જન પોષણકેન્દ્ર'નો પ્રારંભકર્યોછે. ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ પોતાના ૧૦૦દિવસના કાર્યક્રમમાં જન પોષણ કેન્દ્રનેસ્થાન આપવામાં આવ્યું હતું, જેનું આજે દિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશીનાહસ્તે પ્રારંભ થયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકારમાન્ય વાજબી ભાવની દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. આવનારા સમયમાં રાજ્યનાં વિવિધ શહેર અને જિલ્લાઓમાં પણ તબક્કાવાર જન પોષણ કેન્દ્રનો પ્રારંભ થશે, એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીજ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે રાજ્યના દરેક નાગરિકની ચિંતા કરીને અનેક યોજનાઓનો ગુજરાતમાં પ્રારંભ કરાવ્યો હતો એવી જ રીતે જ્યારે વડાપ્રધાન બન્યા બાદ દેશના દરેક નાગરિકનીચિંતા કરીનેપણ અનેક યોજનાઓનો પ્રારંભ કરાવી રહ્યા છે.આ યોજના અંગે વાત કરતા તેમણે વધુમાં કહ્યું કે, વાજબી ભાવની દુકાનો (FPS)ને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે, તેનો લાભ ગ્રાહકોને જ નહિ દરેક દુકાનદારને પણ મળવાનો છે. એટલું જ નહીં અમૂલનીપ્રોડક્ટ પણ આ દુકાનમાં મળતી થશે. આમ, આ યોજના અંતર્ગત દુકાનદારોની આવકમાં પણ વધારો થશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્તકર્યો હતો આ અવસરે અન્ન અને નાગરિક પુરવઠાના નિયામક શ્રી તુષાર ધોળકિયાએ જણાવ્યું કે,આજનો દિવસ સમગ્ર દેશ તથા ગુજરાત માટે અગત્યનો દિવસ છે. વાજબી ભાવની દુકાનોએ ફક્ત ઘઉં અનેચોખા નહિ પણ પોષણયુક્ત અને પૌષ્ટિક વસ્તુઓએકસાથે એકજ જગ્યાએ મળતી થાય તેવો સરકાર દ્વારા અભિગમ રાખીને આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ફક્ત ગ્રાહકોનેજ નહિદુકાનદારોની પણ આવક વધેઅને દુકાનદારપણએક જવાબદાર નાગરિક બને અને દુકાનોની વિશ્વસનીયતા વધે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ યોજનાના બીજ માર્ચમહિનામાં જ નખાઈ ગયા હતા. જન પોષણ કેન્દ્રના ૧૫ વેપારીઓને સરકારશ્રી તરફથી તાલીમ આપવામાં આવી છે, જેથી તે સારા વેપારી બની શકે અને સમાજમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન પણઆપી શકે. આપ્રસંગ નિમિત્તે ધારાસભ્ય શ્રીહર્ષદ પટેલે જણાવ્યું કે, ગુજરાતના સમગ્ર ભાઈ-બહેનો માટેઆજે આનંદની ઘડી છે. આ યોજના અંતર્ગત વાજબી ભાવની દુકાનો પર ઘઉં, ચોખા બાદ હવે પછી જરૂરી પોષકતત્ત્વોવાળીવસ્તુઓસારી અને સસ્તી મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. આજે આપણે આ યોજનામાટે સંકલ્પિત થયા છીએ. આવનાર ભવિષ્યમાં આ યોજના આપણી સિદ્ધિ હશે. આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સચિવ શ્રી રમેશચંદ્ર મીનાએ સૌ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને ઉપસ્થિત વેપારીઓ અને લાભાર્થીઓને યોજના વિશે માહિતી આપી હતી. તથા આ યોજનાને આગળ વધારવા સમગ્ર વેપારીઓઅને અન્નઅને નાગરિક પુરવઠા વિભાગ કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું. આ અવસરે કેન્દ્રીય મંત્રીશ્રી પ્રલ્હાદ જોશીએ વર્ચ્યુઅલ માધ્યમથી વાજબી ભાવના દુકાનદાર તથા જન પોષણ કેન્દ્રના લાભાર્થી શ્રી જગદીશ ગુપ્તા સાથે સંવાદ કર્યો હતો. જેમાં દુકાનદાર શ્રી જગદીશ ગુપ્તાએ કહ્યુ હતું કે, તેઓ આ દુકાન છેલ્લાં ૫૦થી વધુ વર્ષથી ચલાવે છે અને તેમાં તેમને સરકારનો પૂરેપૂરો સાથ મળ્યો છે. આ વાજબી ભાવની દુકાનો (FPS) ને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવાથી ગ્રાહકોને ઘણો લાભ મળવાનો છે, સાથેસાથે મારી આવકમાં પણ વધારો થશે, જે બદલ તેઓ સરકારના આભારી છે. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, ધારસભ્ય શ્રી દિનેશભાઈ કુશવાહા, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, ડેપ્યૂટી મેયર શ્રીજતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, અમદાવાદ શહેરના અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક શ્રી નિમેલ કે. પટેલ તથા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના વિવિધ અધિકારીશ્રીઓ અને પદાધિકારીઓ તેમજ સ્થાનિક નગરજનો ઉપસ્થિતરહ્યા હતા.

જન પોષણ કેન્દ્ર યોજના

ભારત સરકારના ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન વિભાગ દ્વારા ફેર પ્રાઈઝ શોપ્સ (એફપીએસ)ને 'જન પોષણ કેન્દ્ર (JPK)' માં પરિવર્તિત કરવા માટે પહેલ શરૂ કરી છે. આ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ વાજબીભાવના દુકાનદારોની ભૌતિક માળખાકીય, નાણાકીય સ્થિરતા વધારી શકે તેવા અને વાજબી ભાવની દુકાનેથી લાભાર્થીઓને પોષક તત્ત્વોથી ભરપૂર વસ્તુઓ પૂરી પાડી શકાય તેવા 'ન્યુટ્રીશન હબ' તરીકે વિકસાવવાનો સમાવેશ થાય છે. આ વાજબી ભાવની દુકાનો ખાતેથી ઘઉંઅને ચોખાસિવાય અન્ય પૌષ્ટિક ચીજવસ્તુઓજેમ કે વિવિધ કઠોળ, દૂધ, મસાલા, ખાદ્યતેલ વગેરેનું પણ વિતરણ થઈ શકે, એ આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ છે.

અમદાવાદ શહેરની પસંદગી પામેલ વાજબી ભાવની દુકાનો વિશે

અમદાવાદ શહેરનીપસંદગીપામેલવાજબી ભાવનીદુકાનો ખાતે રીનોવેશન કરવામાં આવ્યું છે તથા કુલ ૧૫ દુકાનો પૈકી હાલ ૭ દુકાનદારશ્રીઓદ્વારા દુકાનોએ અમૂલની પ્રોડક્ટ્સના વેચાણ સબંધિત કામગીરી માટે ડિપોઝિટ ભરપાઈ કરીછે તથા કરારનામું કર્યું છે. અમૂલ તરફથી સબંધિત દુકાનદારોને ડીપફ્રીજ, ફ્રીજ, સાઈન બોર્ડ તથા માલસામાન પૂરો પાડવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા સ્મોલ ઈન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ બેંક ઓફઈન્ડિયા (SIDBI)ના માધ્યમથી સદર ૧૫ વાજબી ભાવના દુકાનદારને દુકાનના અપગ્રેડેશન માટે રૂ.૫૦,૦૦૦ ની ગ્રાન્ટ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ આપવામાં આવનાર છે. ઓનલાઈન પોર્ટલ પર ઓર્ડર આપનાર અમદાવાદ શહેરની વાજબી ભાવનીદુકાનના ૫ (પંચ) દુકાનદારોને SIDBI દ્વારાગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫,૦૦૦/- તેઓના બેંક એકાઉન્ટમાં જમા કરી દેવાયા છે, જ્યારે અન્યદુકાનદારોની કાર્યવાહીપ્રગતિમાં છે.

પાઇલોટ પ્રોજેક્ટ હેઠળ ચાર રાજ્યોમાં પ્રારંભ

ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને તેલંગણા સ્માર્ટ-એફપીએસ સ્થાપિત કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરની કુલ ૧૫ વાજબીભાવની દુકાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

દુકાનદારોને મહત્તમ રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં સહાય અપાશે

આ યોજનાના અંતર્ગત ભારત સરકાર દ્વારા SIDBIના માધ્યમથીમહત્તમ રૂ.૫૦,૦૦૦ ની સહાય કરવામાં આવે છે. દુકાનદારોઆ યોજનાનેવધુસારી રીતે આગળ વધારી શકે તે માટે હાલ ગુ.રા.ના.પુ. નિગમ દ્વારા સબંધિત ૧૫ દુકાનદારોને રૂ.૧ લાખની મર્યાદામાં સહાય કરવામાં આવી રહી છે, આમ રૂ. ૧.૫ લાખ સુધીની આર્થિક સહાય દુકાનદારોને આપવાની જોગવાઈ કરવામાંઆવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક નાગરિકની ચિંતા કરીને આ 'જન પોષણ કેન્દ્ર'નો પ્રારંભ કરાવ્યો : રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028